### આંકલાવના ઉમેટાના ફાર્મમાં પાર્ટી કરતાં 18 માલેતુજારો પકડાયા

# વડોદરાના વ્હાઈટ કોલર્સની પાર્ટીમાં પોલીસે ભંગ પાડ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.11

આંકલાવના ઉમેટા ગામના માનપુરા રોડ નજીક આવેલા પરિક્ષિત મિસ્ત્રીના ફાર્મ હાઉસમાં સ્થાનિક પોલીસે દરોડો પાડી મહેફિલ માણતાં 3 મહિલા સહિત 18 માલેતુજારોને પકડી પાડ્યાં હતાં. તપાસમાં પકડાયેલા શખસો વડોદરાના બિલ્ડર્સ, ડોક્ટર્સ અને મોટા વેપારી હોવાનું ખુલ્યું હતું. આ અંગે પોલીસે એક કરોડ ઉપરાંતનો મુદ્દામાલ કબજે કરી ફાર્મ માલિક સહિત 20 શખસ સામે ગુનો નોંધ્યો હતો.

આંકલાવ પોલીસને 11મીના રોજ નાઈટ પેટ્રોલીંગમાં માહિતી મળી હતી કે, ઉમેટા ફતેપુરા - માનપુરા રોડ નજીક પરિક્ષિત પ્રવિણ મિસ્ત્રીના ફાર્મ હાઉસમાં કેટલાક પુરૂષ અને મહિલાઓ દારૂની મહેફિલ માણી રહ્યાં છે. આ બાતમી આધારે આંકલાવ પોલીસ ઈન્સ્પેક્ટર પી. જે. બાંટવા સહિતની ટીમે દરોડો પાડ્યો હતો. આ દરોડાના મહેફિલ માણતા શખસો સ્તબ્ધ થઇ ગયાં હતાં. પોલીસ ફાર્મમાં પહોંચી તે સમયે મહિલા - પુરૂષો બિયર પી રહ્યાં હતાં. આથી, પોલીસે 15 પુરૂષ અને 3 મહિલાની અટક કરી પુછપરછ હાથ ધરી હતી.આંકલાવ પોલીસની તપાસમાં ફાર્મ હાઉસ ધર્મેશ પ્રવિણ મિસ્ત્રી (રહે. ગંગાનગર સોસાયટી, વડોદરા) અને તેના ભાઈ પરિક્ષિત



મિસ્ત્રીનું હોવાનું ખુલ્યું હતું. પકડાયેલા 15 પુરૂષ અને 3 મહિલાની તપાસમાં તેઓએ કેફિ પીણું પીધું હોવાનું જણાયું હતું. આથી, આ મહેફિલના આયોજન અંગે પુછપરછ કરતાં ધર્મેશ પ્રવિણ મિસ્ત્રીએ બિઝનેસ પાર્ટનરે ભેગા મળીને પાર્ટી રાખી હતી. જેમાં અનીકેત બમલાણીએ બિયર મંગાવી હોવાનું કબુલ્યું હતું. આ અંગે પોલીસે સ્થળ પરથી કુલ 8 કાર, 22 મોબાઈલ મળી કુલ રૂ.1,04,78,500નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જ્યારે પકડાયેલા 18 ઉપરાંત ફાર્મ માલિક પરિક્ષિત પ્રવિણ મિસ્ત્રી (રહે. ગંગાનગર સોસાયટી, વડોદરા) અને બિયર આપનાર શખસના મોબાઈલ નંબર આધારે 20 શખસ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

**પકડાયેલા 3 મહિલા સહિત 18 માલેતુજારો**

- **ધર્મેશ પ્રવિણ મિસ્ત્રી** ગંગાનગર સોસાયટી, વડોદરા
- **અનીકેત રાધેશ લાલચંદ બમલાણી** લક્ષ્મી પાર્ક સોસાયટી, વડોદરા
- **કૌશીક પ્રકાશચંદ્ર રામચંદાની** મધુવન પેલેસ હરણી, વડોદરા
- **ઈશાન યોગેશ ત્રિવેદી** રામ ક્રિષ્ણાધામ સોસાયટી, વડોદરા
- **ચિંતન મહેન્દ્ર પ્રજાપતિ** શ્રીનાથ એવન્યુ, વાસણા - ભાયલી, વડોદરા
- **ગૌરવ કમલેશ દોષી** સિદ્ધાર્થ રેસીડન્સી, વડોદરા
- **ધીરજ વિજય ચંદીરામાણી** સમસારા એપાર્ટમેન્ટ, વડોદરા
- **વરુણ ભાવેશ પરિખ** કર્મલાઇફ સોસાયટી, વડોદરા
- **નિરવ જશવંત જયસ્વાલ** સુહાસ સોસાયટી, વડોદરા
- **ચિરાયુ હેમંત જયસ્વાલ** સયાજીગંજ, વડોદરા
- **કિરણ વિનાયક નાનાસાહેબ જાધવ** પંચવટી સોસાયટી, વડોદરા
- **વંશ અશોક સલુજા** સમનવ્યસ્પર્સ, કલાલી, વડોદરા
- **પ્રિયાંક રાજેન્દ્ર પરીખ** હવલી હારમની ઘર, વડોદરા
- **કિનલ અરવિંદ પંડ્યા** હિરા પન્ના સોસાયટી, વડોદરા
- **ચિરાગ રાજેશકુમાર પંડ્યા** દર્શનમ્ રેસીડન્સી, વડોદરા
- **જાનકી નૈનેશકુમાર બ્રહ્મભટ્ટ** મનમોહન સોસાયટી, વડોદરા
- **પાયલ મનીષ સુમનલાલ શાહ** રુતુસીલ્વર, માંજલપુરા, વડોદરા
- **નમીતા જીંકલ નિલેશ ગાંધી** નટરાજ સોસાયટી, વડોદરા

### રૂ.26 હજારથી વધુનો મુદ્દામાલ કબજે કરાયો

# ગોરવામાં ગાંજાના જથ્થા સાથે મહિલા ઝડપાઈ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11

વડોદરા શહેરના ગોરવા પંચવટી વિસ્તારના ગંગાનગરમાં એસઓજીએ રેઈડ કરી ગાંજાનું વેચાણ કરતી મહિલાને ઝડપી પાડી છે. વડોદરા શહેરને નશામુક્ત બનાવવાના હેતુસર પોલીસ તંત્ર દ્વારા સતત કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમારના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં શંકાસ્પદ પ્રવૃત્તિઓ પર નજર રાખવામાં આવી રહી છે. આ જ કામગીરી દરમિયાન એસ.ઓ.જી પીઆઇ બી.ડી. જીતીયાની ટીમને બાતમી મળી હતી કે ગોરવા વિસ્તારના પંચવટી ગંગાનગરમાં એક મહિલા પોતાના ઘરે ગેરકાયદેસર રીતે ગાંજાનો જથ્થો રાખી તેનું વેચાણ કરે છે. જેના આધારે પોલીસે મકાન



નંબર 256 ખાતે રેઈડ હાથ ધરી હતી. રેઈડ દરમિયાન અમીના રણજીતસિંહ માધવસિંહ રાણા ગરાસીયા પોતાના રહેણાંક મકાનમાં ગાંજાના જથ્થા સાથે ઝડપાઈ ગઈ હતી. તપાસ દરમિયાન પોલીસે આરોપી પાસેથી કુલ 310 ગ્રામ 500 મિલીગ્રામ ગાંજો, એક મોબાઈલ ફોન, રૂ.9,700ની રોકડ રકમ મળી રૂ. 26 હજારનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ બનાવ અંગે જવાહરનગર પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

### વિશ્વાસ કેળવ્યા બાદ વિવિધ ખાતામાં નાણા ટ્રાન્સફર કરાવ્યા

# ઓનલાઈન ટાસ્ક પૂરા કરવાના બહાને યુવક સાથે રૂ.16.56 લાખની છેતરપીંડી

**યુવક સાથે** ઠગાઈ થઈ હોવાનો અહેસાસ થતા સાયબર ક્રાઇમ પોલીસનો સંપર્ક કર્યો

(પ્રતિનિધિ) આણંદ તા.11

વડોદરા શહેરના અલકાપુરી વિસ્તારમાં રહેતા ખાનગી કંપનીમાં નોકરી કરતા ટીમ લીડર યુવાન સાથે ઓનલાઇન “રિલાયન્સ ઓનલાઈન વર્ક” નામે ફેક પ્લેટફોર્મ બનાવી પાર્ટ ટાઈમ નોકરી આપવાના બહાને 16.56 લાખ રૂપિયાની છેતરપીંડી કરાઈ છે. આરોપીઓએ શરૂઆતમાં નાની રકમ પરત આપી યુવક નો વિશ્વાસ કેળવ્યા બાદ બાદ સગાઈ આચરવામાં આવી હતી. વડોદરા શહેરના અલકાપુરી વિસ્તારમાં રહેતા મથુરકુમાર મહેન્દ્રસિંહ રાઠોડ (ઉ.વ. 37) એ ફરિયાદ નોંધાવી છે કે તેઓ સેમસંગ કંપનીમાં ટીમ લીડર તરીકે કામ કરે છે અને પરિવાર સાથે રહે છે. ગત 28 ઓકટોબર 2025 ના રોજ તેમને ટેલીગ્રામ પર “Keerthi” નામના આઈડી પરથી મેસેજ આવ્યો હતો.

શરૂઆતમાં સામાન્ય વાતચીત બાદ આરોપીએ પોતે રિલાયન્સ કંપનીમાં એચઆર તરીકે કામ કરતો હોવાનું જણાવી પાર્ટ ટાઈમ નોકરીની ઓફર આપી હતી. શરૂઆતમાં ના પાડવા છતાં બાદમાં કામ સમજવા માટે તૈયાર થતા તેમને ઓનલાઈન “સ્ટોર મેનેજમેન્ટ” કામ બતાવવામાં આવ્યું હતું. આરોપીઓએ એક ફેક વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરાવી ટાસ્ક પૂર્ણ કરાવવાનું શરૂ કરાવ્યું હતું. શરૂઆતમાં લાઈક અને રેટિંગના ટાસ્ક આપીને વિશ્વાસમાં લેવામાં આવ્યા હતા અને નાની રકમ તરીકે રૂપિયા 876 તથા કુલ રૂપિયા 41 હજાર પરત આપવામાં આવ્યા હતા.

બાદમાં વધુ કમિશન અને બોનસના લોભમાં મોટા ટાસ્ક આપીને અલગ અલગ બેંક ખાતા અને યુપીઆઈ મારફતે ટુકડે ટુકડે કુલ રૂપિયા 16.56 લાખ ટ્રાન્સફર કરાવવામાં આવ્યા હતા. આરોપીઓએ “રિલાયન્સ ઓનલાઈન વર્ક” નામે ફેક પ્લેટફોર્મ બનાવી આ છેતરપીંડી આચરી હતી.જેથી સાઈબર ક્રાઈમ પોલીસે ગુનો નોધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ભારતીય રેલ્વે અને આઈઆરસીટીસી દ્વારા ધાર્મિક પ્રવાસ

વડોદરાઃ આઈઆરસીટીસીએ ભારત ગૌરવ ટ્રેન દ્વારા દક્ષિણ દર્શન યાત્રા સાથે મલ્લિકાર્જુન જ્યોતિર્લિંગ પ્રવાસનું આયોજન કરી રહ્યું છે. આ યાત્રા ભારત ગૌરવ ટ્રેન હેઠળ તા.12 મે થી 22 મે ( 10 રાત્રી /11 દિવસ) રાજકોટ થી પ્રસ્થાન થશે. આ ટ્રેનમાં મુસાફરો રાજકોટ, સુરેન્દ્રનગર - વિરમગામ - સાબરમતી - નડિયાદ આણંદ - વડોદરા - ભરૂચ - સુરત - વાપી - વસઈ રોડ - કલ્યાણ - પુણે - સોલાપુર રેલવે સ્ટેશન થી બેસી શકશે.યાત્રા દરમિયાન તિરુપતિ બાલાજી, રામનાથસ્વામી રામેશ્વરમ જ્યોતિર્લિંગ મંદિર, મીનાક્ષી મંદિર, કન્યાકુમારી, મલ્લિકાર્જુન જ્યોતિર્લિંગ દર્શન કરવાનો લાભ મળશે. પ્રવાસ માટે ઈકોનોમી ક્લાસ (સ્લીપર) માટે રૂ. 21,525/-, કમ્ફર્ટ ક્લાસ -3AC માટે રૂ. 39,105 /- અને કમ્ફર્ટ ક્લાસ - 2AC માટે રૂ. 49,185/- ના દરો નક્કી કરાયા છે. ઓનલાઈન ટૂર પેકેજ બુક કરી શકો છો.

### એસટી ડેપોમાં બનેલી દુર્ઘટના બાદ મૃતકના પુત્રે સવાલો ઉઠાવ્યા

# ઘોર બેદરકારીના કારણે જ મારા પિતાનું અવસાન થયું છે, તો મને ન્યાય આપો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11

વડોદરા સેન્ટ્રલ એસટી ડેપો ખાતે પીઓપીનું વિશાળ સ્ટ્રક્ચર તૂટી



પડતા 72 વર્ષીય ચાંદખેડાના નરસિંહભાઈ દવેનું મોત થયું હતું. આ ઘટના બાદ તેમના પુત્ર અનિમેષ દવેએ એસટી ડેપોમાં બાંધકામની ગુણવત્તા અને કોન્ટ્રાકટર સામે આક્રોશ વ્યક્ત કરી પોલીસ સમક્ષ ન્યાયની માંગણી કરી હતી. વડોદરાના મધ્યસ્થ એસટી ડેપોમાં શુક્રવારે બપોરે પીઓપીનું વિશાળ સ્ટ્રકચર તૂટી પડતા વૃદ્ધ મુસાફરનું મોત થયું હતું. પીએમ મોદી દ્વારા સેન્ટ્રલ એસટી ડેપોનું ઉદ્ઘાટન કરાયું હતું. જે ડેપોમાં લોખંડના શેડનો એક મોટો ભાગ અચાનક તૂટી પડતા દુર્ઘટના બની હતી.

શેડ તૂટી પડતાં એક વ્યક્તિ પર પડ્યો હતો. જેના કારણે અમદાવાદના ચાંદખેડાના નરસિંહભાઈ ગોવિંદભાઈ દવેનું મોત થયું હતું. ગઈકાલે ઘટના બાદ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. કાટમાળ હટાવવાની કાર્યવાહી હાથ ધરી હતી.

સરકારના કોન્ટ્રાક્ટર સંજય શાહને એસટીની આ જગ્યા કરોડો કમાવવા માટે પીપીપીના ધોરણે સરકારે આપી છે, શું આ ઘટના પાછળ ભ્રષ્ટાચાર જવાબદાર છે, તેવા સવાલો ઉઠી રહ્યા છે. હાલ, ડેપોની સુરક્ષા વ્યવસ્થા અને બાંધકામની ગુણવત્તા પર સવાલો ઉભા થયા છે. ફરી એક વખત નિર્દોષ વ્યક્તિ ભ્રષ્ટાચારનો ભોગ બન્યો છે.

દુર્ઘટનાના બીજા દિવસે મૃતકના પુત્ર અનિમેશ દવેએ સયાજી હોસ્પિટલના પોસ્ટ મોર્ટમ રૂમ ખાતેથી તંત્ર સામે આક્રોશ વ્યકત કર્યો હતો. જ્યાં તેમણે અહીં જે ઘટના બની તે એસટી ડેપોના અંદરમાં આવેલા જે તે કન્સ્ટ્રક્શન કે જે તે કંપની મેન્ટેનન્સ વિભાગને કામ આપેલું છે. એમની ઘોર બેદરકારી ના કારણે મારા પિતાનું અવસાન થયું છે, મને ન્યાય મળે એવી મારી રજૂઆત છે.

**એસટી ડેપોમાં દુર્ઘટના બાદ બીજા દિવસે બસોની લાંબી કતાર લાગી**

વડોદરા સેન્ટ્રલ એસટી ડેપોમાં પીઓપીનું સ્ટ્રક્ચર તૂટી પડવાના કારણે સલામતીના કારણોસર ડેપોમાં એસટી બસો અને મુસાફરોની અવરજવર બંધ



કરવામાં આવી છે. ત્યારે બીજા દિવસે એસટી ડેપો બહાર બસોની લાંબી કતાર લાગી હતી. વડોદરા શહેરના સેન્ટ્રલ એસટી ડેપોમાં 40 ફૂટ ઊંચું પીઓપીનું સ્ટ્રક્ચર ધરાશાયી થઈ ગયું હતુંમ જેના કારણે અમદાવાદના એક વૃદ્ધનું મોત થયું હતું. આ ઘટના બાદ એસટી ડેપોમાં બસોની અવરજવર બંધ કરવામાં આવી છે અને એસટી ડેપો સામે પેટ્રોલ પંપ પાસેથી બસોના પ્રવેશવા માટેનો રસ્તો બંધ કરી દેવામાં આવ્યો છે. જ્યારે બસોની અવરજવર માટે દામાજીરાવ ધર્મશાળા અને વિટકોસ બસ સ્ટેન્ડ પાસેનો રસ્તો ખુલ્લો મુકાયો છે. ત્યારે , દુર્ઘટનાના બીજા દિવસે સેન્ટ્રલ એસટી ડેપો બહાર બસોની લાંબી કતાર લાગી ગઈ હતી.

### પતિનું કાઉન્સેલિંગ કરી પરિણીતાને જરૂરી સામાન પરત કરાયો

# પરસ્ત્રીના પ્રેમસંબંધમાં પતિનો પત્ની પર અત્યાચાર, ભરણપોષણનો દાવો

**અભયમની ટીમે** કાઉન્સેલિંગ બાદ કપડાં અને બાળકના ડોક્યુમેન્ટ અપાવ્યા

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11

વડોદરા શહેરના બાપોદ વિસ્તારમાં એ અન્ય સ્ત્રી સાથેના સંબંધને કારણે પરિણીતાને માનસિક ત્રાસ ભોગવવો પડ્યો હતો. જીવન જરૂરિયાતના સામાન પણ ન મળતા, તેમણે 181 મહિલા હેલ્પલાઈનનો સહારો લીધો હતો. અભયમ ની ટીમ એ પતિનું કાઉન્સેલિંગ કરીને સામાન પરત અપાવ્યો હતો જેથી પરીણીતાએ ન્યાય માટે પોલીસ સ્ટેશનના દ્વાર ખખડાવ્યા છે. વડોદરા શહેરમાં રહેતી પરિણીતાના પતિના અન્ય સ્ત્રી અનૈતિક સાથે સંબંધ હોવાના કારણે દંપતિ વચ્ચે

CALL 181 મહિલા હેલ્પલાઇન
સલાહ • બચાવ-મદદ • સૂચન-માર્ગદર્શન

વારંવાર ઝઘડા થતા રહેતા હતા. જેના કારણે આ પરિસ્થિતિમાં પરિણીતા પોતાના ચાર વર્ષના બાળક સાથે પિયર ખાતે રહેવા લાગી હતી. પરંતુ પતિ અને સાસુ દ્વારા પરિણીતા તેમના કપડાં તેમજ બાળકના કપડાં અને જરૂરી ડોક્યુમેન્ટ આપવામાં આવતા ન હતા. મુશ્કેલીમાં મુકાયેલી મહિલાને 181 મહિલા હેલ્પલાઈન પર સંપર્ક કર્યો હતો. માહિતી મળતાં જ 181 અભયમની ટીમ બાપોદ વિસ્તારના જણાવેલા સરનામે પહોંચી હતી અને પતિનું કાઉન્સેલિંગ કર્યું હતું. કાઉન્સેલિંગ દરમિયાન પતિના બીજી સ્ત્રી સાથે સંબંધ હોવાની વાત સામે આવી હતી. ત્યારે અભયમની ટીમના પ્રયાસોથી પરિણીતાને તેમના અને તેમના બાળકના કપડાં તેમજ જરૂરી ડોક્યુમેન્ટ અપાવવામાં આવ્યા હતા. આ દરમિયાન મહિલાને તેમના પતિ સામે ભરણપોષણ માટે કાનૂની કાર્યવાહી કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. જેના અનુસંધાને 181 ટીમ દ્વારા તેમને મફત કાનૂની સલાહ કેન્દ્ર અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આખરે પીડિતાબેનને તેમના ચાર વર્ષના બાળક સાથે સુરક્ષિત રીતે તેમના પિયરમાં મોકલવામાં આવ્યા હતા અને તેમના પિતા પાસે સોપવામાં આવ્યા હતા.

### માનવતા હજુ જીવંતનું ઉત્તમ ઉદાહરણ

# ભજન મંડળ દ્વારા બીમાર માદા શ્વાનનો જીવ બચાવાયો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11

વડોદરામાં માનવતા હજુ જીવંત છે, તેનું ઉત્તમ ઉદાહરણ વડોદરા જિલ્લાના દુમાડ ગામે જોવા મળ્યું છે. અબોલ જીવો પ્રત્યેની સંવેદના દાખવીને ગામના યુવાનોએ એક ગંભીર હાલતમાં રહેલી કુતરીનો જીવ બચાવી પ્રેરણાદાયી કાર્ય કર્યું છે. દુમાડ ગામમાં એક માદા શ્વાને ગલૂડિયાંને જન્મ આપ્યો હતો. જોકે, પ્રસૂતિ બાદ ગણતરીના સમયમાં જ કુતરીની તબિયત લથડી હતી અને તેને અચાનક ખેંચ આવવા લાગી હતી. ગલૂડિયાંના જન્મના આનંદ વચ્ચે માતાની આવી હાલત જોઈ આસપાસના લોકો ચિંતામાં મુકાયા હતા. દરમિયાન સેવાભાવી યુવાનોને આ ઘટનાની જાણ થતાં જ બાપા સીતારામ સેવા ભજન મંડળ - દુમાડ' ના સભ્યો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા. મંડળના સક્રિય સભ્ય વિષ્ણુભાઈ તથા અનિલભાઈએ કોઈ પણ વિલંબ કર્યા વગર બીમાર



કુતરીની સ્થિતિની ગંભીરતા સમજી તેને સુરક્ષિત રીતે પકડી હતી. પોતાના અંગત સાધન દ્વારા તેને તાત્કાલિક નજીકના ખાનગી પશુ દવાખાને સારવાર માટે ખસેડી હતી. દવાખાને સમયસર પહોંચાડીને પશુ ચિકિત્સક પાસે તેની યોગ્ય સારવાર કરાવી હતી. સમયસર સારવાર મળવાને કારણે કુતરીની હાલતમાં સુધારો આવ્યો છે. જો વિષ્ણુભાઈ અને અનિલભાઈએ સમયસૂચકતા ન વાપરી હોત તો નવા જન્મેલા ગલૂડિયાંઓએ તેમની માતા ગુમાવવાનો વારો આવ્યો હોત.

### બાપોદ પોલીસે હત્યાના પ્રયાસનો ગુનો નોધી 4 આરોપીને ઝડપી પાડ્યા

# સરદાર એસ્ટેટ પાસે જૂના ઝઘડાની અદાવતે યુવક પર ખંજરથી હુમલો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11

વડોદરા શહેરના સરદાર એસ્ટેટ વિસ્તારમાં આવેલા આખાદેશના મંદિર પાસે જૂના ઝઘડાની અદાવત રાખી યુવક પર ખંજરથી જીવલેણ હુમલો કરાયો છે. જેના કારણે યુવક લોહી લુહાણ હાલતમાં જમીન પર ઢળી પડ્યો હતો. ઉપરાંત પિસ્તોલ બતાવીને પણ તેને ધમકાવ્યો હોવાનો ભોગ બનનારના ભાઈએ આક્ષેપ કર્યો છે. બાપોદ પોલીસે હત્યાના પ્રયાસનો ગુનો નોંધીને ચાર આરોપીઓને ઝડપી પાડ્યા છે. પ્રાપ્ત માહિતી મૂળ વતન બાંસવાડા અને હાલમાં લેપ્રેસી ગ્રાઉન્ડ, આજવા રોડ ખાતે રહેતા મેશ દેવા માઈડાએ નોંધાવેલી ફરિયાદ મુજબ સરદાર એસ્ટેટ પાસે આવેલી કન્સ્ટ્રક્શન સાઈટ પર મકન પ્રભુ મઈડા, રમણ વીરૂ મઈડા, ગમો બહાદુર માઈડા



અને દિલેશ રાજુ મઈડા (તમામ હાલ રહેવાસી વડોદરા, મૂળ બાંસવાડા, રાજસ્થાન) તા. 10 એપ્રિલના રોજ રાત્રે આશરે 8:30 વાગ્યે અગાઉ મોબાઈલ બાબતે થયેલા ઝઘડા ની અદાવતી ફરી ઝઘડો કર્યો હતો. થયેલા ઝઘડાનું સમાધાન થઈ ગયું હોવા છતાં આરોપીઓએ રાત્રે ફરી તેમની સાથે ઝઘડો કર્યો હતો. ત્યારબાદ તેઓએ ભેગા મળીને મળીને તેમના ભાઈ કાળુ દેવા મઈડાને પકડી રાખ્યા હતા અને મકન માઈડાએ ખંજર વડે છાતી, પેટ, કમર તથા શરીરના અન્ય ભાગોમાં ઘા માર્યા હતા અને હત્યાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

જેથી કાળુ દેવા મઈડા લોહી લુહાણ હાલતમાં જમીન પર ફસલાઈ પડ્યો હતો. બાપોદ પોલીસે ચારેય આરોપીઓ વિરુદ્ધ હત્યાના પ્રયાસ સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કરી ચાર આરોપીઓને ઝડપી પાડ્યા છે.

### ચેન અને મોપેડ મળી 1.57 લાખનો મુદ્દામાલ કબજે

# અટલાદરા વિસ્તારમાં વૃદ્ધાની સોનાની ચેઈન તોડનાર ઝબ્બે

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11

વડોદરા શહેરના અટલાદરા વિસ્તારમાં વૃદ્ધ મહિલાના ગળામાંથી સોનાની ચેઈન તોડી ફરાર થયેલા આરોપીને ક્રાઈમ બ્રાન્ચે યાકુતપુરામાથી ઝડપી પાડયો હતો. ક્રાઈમ બ્રાન્ચે આરોપી પાસેથી ચોરીની ચેઈન અને મોપેડ કબજે કરી આગળની તપાસ હાથ ધરી છે. વડોદરા શહેરમાં ચેઈન સ્નેચિંગના ગુનાઓને કાબૂમાં લેવા પોલીસ તંત્ર દ્વારા સઘન પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. પોલીસ કમિશનર નરસિમ્હા કોમારની સુચના હેઠળ ક્રાઈમ બ્રાન્ચની ટીમો સતત પેટ્રોલિંગ અને શંકાસ્પદની શોધખોળ કરી રહી છે. તે દરમિયાન ક્રાઈમ બ્રાન્ચની ટીમને મળેલી બાતમીના આધારે યાકુતપુરા ત્રિકોણીયા સર્કલ નજીકથી નંબર પ્લેટ વગરની મોપેડ સાથે આસીફ ઉર્ફે લાજવાબ મહંમદરફીક શેખ (ઉ.વ.42)ને કોર્ડન કરીને ઝડપી પાડવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન આરોપીની પાસેથી તૂટેલી હાલતમાં સોનાની ચેઈન મળી આવી હતી. ચેઈનની માલિકીનો કોઈ પુરાવો રજૂ ન કરી શકતા પોલીસે પૂછપરછ હાથ ધરી હતી. જેમાં આરોપીએ કબૂલ્યું કે 2 એપ્રિલના રોજ અટલાદરા ખાતે પ્રમુખસ્વામી તીર્થ સોસાયટી પાસે વૃદ્ધ મહિલાના ગળામાંથી ચાલુ મોપેડ પર ચેઈન તોડી હતી. પોલીસે આરોપીની પાસેથી રૂ.1.17 લાખની સોનાની ચેઈન તથા રૂ. 40 હજારની મોપેડ કબજે કરી છે. ક્રાઈમ બ્રાંચની ટીમે આરોપી આસીફ ઉર્ફે લાજવાબ મહંમદરફીક શેખ (રહે. આફરીન ફ્લેટ, અજબડી મીલ ત્રિકોણ, યાકુતપુરા, વડોદરા) રૂ.1.57 લાખનો મુદ્દામાલ અટલાદરા પોલીસને સુપ્રત કરાયો છે.

# 13 વર્ષથી ફરાર વેજલપુરનો આરોપી ઝડપાયો

કાલોલઃ આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને અનુલક્ષીને રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી, ગાંધીનગર દ્વારા નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે ખાસ ‘મેગા ડ્રાઈવ’નું આયોજન કરવામાં આવ્યું છે.આ અભિયાન હેઠળ, પંચમહાલ-ગોધરા ના ગંભીર ગુનાઓમાં લાંબા સમયથી નાસતા ફરતા આરોપીઓને પકડવા કડક સૂચનાઓ અપાઈ હતી. આ સૂચનાના અનુસંધાને પેરોલ ફ્લો સ્ક્વોડના પી.એસ.આઈ. બી.એમ. રાઠોડ અને તેમની ટીમે તપાસ તેજ કરી હતી.ચોક્કસ બાતમી મળી હતી કે, આરોપી તેના વતનમાં હાજર છે. જેના આધારે આરોપી જેસાભાઈ ઉર્ફે જયેશભાઈ રાધાભાઈ રબારી રે.ભાદરોઈ મઢાણી ફળિયું, તા. અંજાર, જી. કચ્છ ને તેના નિવાસસ્થાનેથી ઝડપી પાડી વેજલપુર પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

### કારેલીબાગની સરદાર વિનય સ્કૂલમાં રજા સમયે બનેલી ઘટના

# ધક્કો વાગતા ધો-9ના વિદ્યાર્થી બાખડતા ચાકુ જેવા હથિયારથી જીવલેણ હુમલો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11

વડોદરા શહેરના કારેલીબાગ વિસ્તારમાં આવેલી સરદાર વિનય સ્કૂલમાં શનિવારે શાળા છુટતા સમયે બાળકો બહાર આવી રહ્યા હતા. તે દરમિયાન ધક્કો વાગવા બાબતે ધોરણ નવમાં અભ્યાસ કરતા બે સગીર વિદ્યાર્થીઓ વચ્ચે થયેલો સામાન્ય ઝઘડો થયો હતો. ત્યારબાદ ઝઘડો વધુ ઉગ્ર બનતા એક વિદ્યાર્થીએ બીજા પર ચાકુ જેવા હથિયારથી હિંસક હુમલો કર્યો હતો. જેથી ઈજાગ્રસ્ત થયેલા બાળકને એસએસજીમાં સારવાર માટે ખસેડાયો છે. હાલમાં હુમલાખોર વિદ્યાર્થીની કારેલીબાગ પોલીસ દ્વારા પૂછપરછ કરાઈ રહી છે. વડોદરા શહેરના કારેલીબાગ વિસ્તારમાં આવેલી સરદાર વિનય વિદ્યાલયમાં 11 એપ્રિલના રોજ સ્કૂલમાં પરીક્ષાનો સમય પૂર્ણ થયા



બાદ તમામ વિદ્યાર્થીઓ બહાર નીકળી રહ્યા હતા તે દરમિયાન ધોરણ 9માં અભ્યાસ કરતા બે વિદ્યાર્થીઓ વચ્ચે ધક્કો લાગવાની સામાન્ય બાબતે બોલાચાલી થઈ હતી. જોતા જોતા આ બોલાચાલી ઝઘડામાં ફેરવાઈ ગઈ અને બંને વિદ્યાર્થીઓ એકબીજા સાથે મારામારી કરવા લાગ્યા હતા. આ દરમિયાન ઉશ્કેરાયેલા એક વિદ્યાર્થીએ બીજા વિદ્યાર્થી પર ચાકુ જેવા હથિયારથી હુમલો કર્યો હોવાનું સામે આવ્યું છે. ઘટનામાં ઈજાગ્રસ્ત થયેલા વિદ્યાર્થીને તાત્કાલિક સારવાર માટે એસએસજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. ઘટનાની જાણ થતાં જ કારેલીબાગ પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને હુમલાખોર વિદ્યાર્થીને પોલીસ સ્ટેશનમાં લઈ જઈને આગળની કાર્યવાહી શરૂ કરાઈ છે.

### ગરમીનો પારો વધીને 39.6 ડીગ્રી નોંધાયો

# આગામી સપ્તાહથી ઉનાળો આકરો થવાની શકયતા

( પ્રતિનિધિ ) વડોદરા,તા.11

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર ઓછી થતા ગરમીના તાપમાનમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે, શનિવારે વડોદરા શહેરનું મહત્તમ તાપમાન 39.6 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 21.4 ડિગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 32 ટકા અને સાંજે 15 ટકા નોંધાયું હતું. માવઠાના માર બાદ હવે અંગ દઝાડતી ગરમીની આગાહી કરવામાં આવી છે. નિષ્ણાંતોના મતે મધ્ય ગુજરાતમાં વડોદરા સહિતના વિસ્તારોમાં 43 ડિગ્રી સુધી ગરમી પહોંચવાની શક્યતા છે.

જ્યારે, 18 થી 22 એપ્રિલ દરમિયાન જોવા મળી શકે છે. આ સમયગાળા દરમિયાન વાદળછાયું વાતાવરણ, પવન અને પ્રિમોન્સૂન પ્રવૃત્તિના ભાગરૂપે હળવો વરસાદ પડી શકે છે. કેટલાક વિસ્તારોમાં કરા પડવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં




આવી છે. એપ્રિલના અંતિમ દિવસો અને મે મહિનાની શરૂઆતમાં પણ પ્રિમોન્સૂન પ્રવૃત્તિ સક્રિય રહેવાની શક્યતા છે. જોકે, 26 એપ્રિલથી ફરી એકવાર ગરમી તેજ બનશે. આ સાથે 17 મે બાદ અરબ સાગરમાં ચક્રવાત સર્જાવાની શક્યતા છે અને બંગાળના ઉપસાગરમાં પણ તીવ્ર ચક્રવાતી પ્રવૃત્તિ જોવા મળી શકે છે. હાલ આગામી દિવસોમાં ગરમીના પ્રમાણમાં વધારો થવાની શક્યતા હોય પાલિકા દ્વારા પણ એનાઉન્સમેન્ટ સિસ્ટમ દ્વારા લોકોને ગરમીમાં કામ વગર બહાર નહીં નીકળવા સુતરાઉ કાપડ પહેરવા અને સતત પાણી પીવા સહિતની સૂચનાઓ આપવામાં આવી રહી છે.